# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-08-2024** **MIDDAY : 2.30 to 2.35pm**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક  આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યાછો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# POSHAN MAS

જો મહિલાઓ સ્વસ્થ રહેશે તો સમાજ સ્વચ્છ બનશે. આહાર શુદ્ધ હશે તો ચેતના પણ શુદ્ધ હશે. ગાંધીનગરથી સાતમા "રાષ્ટ્રીય પોષણ માસ"ની ઉજવણીનો દેશવ્યાપી પ્રારંભ કરાવતાં કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ આ મુજબ જણાવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, માતા અને બાળક તંદુરસ્ત અને પોષણક્ષમ હોય એ સ્વસ્થ રાષ્ટ્ર માટે પાયાની શરત છે. તેમણે જણાવ્યું કે. નાગરિકોએ પોષણ અભિયાનને જન આંદોલન બનાવ્યું છે.

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયા પણ ઉપસ્થિત રહ્યા.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે અન્નપ્રાશન, સગર્ભા, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણ બાસ્કેટ અને વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ કરાયું. પોષણ માસ અંતર્ગત દેશભરમાં પોષણ આધારીત વિવિધ થીમ પર અનેકવિધ કાર્યક્રમો યોજાશે.

ઉલ્લેખનીય છે કે, સ્વસ્થ ભારતના નિર્માણની દિશામાં દેશની મહિલાઓ અને બાળકોમાં પોષણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮થી રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવે છે.

----------

# Rain overall

રાજ્યમાં છેલ્લા અઠવાડિયા દરમિયાન અતિભારે વરસાદ બાદ હવે મેઘરાજાએ વિરામ લીધો છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગરના અહેવાલ મુજબ ગત ૨૪ કલાક દરમિયાન સમગ્ર રાજ્યનો સરેરાશ વરસાદ માત્ર ૧.૩૬ મિલિમીટર જ નોંધાયો છે. આજે સવારે ૬.00 થી 12 વાગ્યા દરમિયાન માત્ર ત્રણ જ તાલુકામાં હળવો વરસાદ નોંધાયો છે. સુરત શહેરમાં નવ મિલિમિટર વરસાદ પડ્યો છે.

તારીખ ૩૧મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સવારે ૬.00 કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૧૧ ટકા છે. કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૧૭૯ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૨૪ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૧૧ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૦૫ અને ઉત્તર ગુજરાતમાં ૮૮ ટકા મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે.

મુશળધાર વરસાદ અને પૂરથી પ્રભાવિત ગુજરાતમાં વાવાઝોડું અસના ગઈ કાલે મોડી રાત્રે ઓમાન તરફ વળતાં વહીવટીતંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

હવામાન વિભાગે આજે રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

દાહોદ જિલ્લામાં વરસાદ બાદ રોગચાળો ફેલાતો અટકાવવા માટે આરોગ્ય તંત્રએ ગ્રામ્ય વિસ્તારોમાં સેનેટાઈઝેશન અને ક્લોરીનેશનની કામગીરી શરૂ કરી છે. આ ઉપરાંત મેલેરીયા ડેન્ગ્યુ ટાઈફોઇથી બચવા માટે ડાય ફ્લૂ બેન્ઝયુરેન ૨૫% થી સ્પ્રેયિંગની ની કામગીરી કરવામાં આવી રહી છે.

-------------------

## GUJARAT DAM LEVEL

**આ સપ્તાહ દરમિયાન ગુજરાતમાં અતિભારે વરસાદને પગલે રાજ્યના ૨૦૬ માંથી ૧૦૮ જળાશયો સંપૂર્ણ ભરાતા હાઈ એલર્ટ જાહેર કરાયાં છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૮૫ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. જોકે ગત વર્ષે આજ દિવસે રાજ્યમાં કુલ ૭૬ ટકાની સામે આ વર્ષે અત્યાર સુધી ૮૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે.**

૪૪ જળાશયો-ડેમ ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા હાઈ એલર્ટ, ૨૦ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા, ભરાતા એલર્ટ અપાયું છે. જ્યારે ૨૨ ડેમ ૨૫ થી ૫૦ ટકા વચ્ચે તેમજ ૧૨ ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયા છે.

શ્રીકાર વર્ષા બાદ ડાંગ જિલ્લાના મુખ્ય વહીવટી મથક આહવા સહિત આસપાસના આઠ ગામોની પાણીની તરસ છિપાવતો "ભીસ્યા ડેમ" છલકાઈ ગયો છે. આ ડેમ દ્વારા ૧૯૮૭થી આઠ ગામોના ૪૧ હજારથી વધુ લોકોને પાણી પહોચાડવામાં આવી રહ્યું છે.

-------------------

## Tarnetar melo- SURENDRANAGAR

સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર ખાતે યોજાતો લોકમેળો આ વર્ષે પણ યોજવા નિર્ણય લેવાયો છે, સમગ્ર સૌરાષ્ટ્રમાં જાણીતો અને દેશ

વિદેશમાં પ્રખ્યાત એવો તરણેતરનો મેળો તારીખ 6 સપ્ટેમ્બર થી 9 સપ્ટેમ્બર સુધી યોજાશે.

સુરેન્દ્રનગર જિલ્લામાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ તરણેતર ગ્રામ પંચાયત દ્વારા ઠરાવ પસાર કરી જિલ્લા કલેકટરને મોકલી તરણેતરનો મેળો યોજવા અસમર્થતા દર્શાવાઈ હતી. પરંતુ આજે તરણેતર ખાતે સંસદસભ્ય ચંદુ સિહોરા, ધારાસભ્ય શામજી ચૌહાણ, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા તરણેતર ગ્રામ પંચાયતના સરપંચ વગેરેની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં તરણેતરનો મેળો યોજવાનો  સર્વ સંમતિથી નિર્ણય લેવામાં આવ્યો છે.

---------

## ARVALLI - TEED

અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તીડ જીવાતે દેખા દેતા ખેડૂતોને ઊભા પાકમાં નુકસાન જવાની ભીતિ છે. મેઘરજના ગ્રામ્ય વિસ્તાર જીતપુર, ખાખરીયા, ઈસરી તથા ખુમાપુરમાં 15 વર્ષ પછી તીડના ઝુંડ જોવા મળ્યા છે. જો વરસાદન ન આવે તો તીડ વધવાની આશંકા છે.

-------------------

## POICHA FOOD PACKET

વડોદરામાં પુર અસરગ્રસ્ત વિસ્તારના નાગરિકો માટે નર્મદા જિલ્લાના પોઈચા સ્થિત નિલકંઠધામમાં  છેલ્લા બે દિવસથી ફૂડ પેકેટ

તૈયાર થઇ રહ્યાં છે. આ ફૂડ પેકેટ નર્મદા અને વડોદરા જિલ્લા વહીવટી તંત્રને પહોંચાડવામાં આવી રહ્યાં છે. આ ફુડ પેકેટ વડોદરાના પુરગ્રસ્ત વિસ્તારોમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરિયાતમંદોને વિતરણ કરવામાં આવે છે. નિલકંઠ ધામમાં પચાસ સ્વંયસેવકો દ્વારા  આ ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવી રહ્યા છે. અહીં બે હજાર ૫૦૦ જેટલાં ફૂડ પેકેટ વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉભા કરાયેલા રાહત સેવા કેન્દ્ર ખાતે મોકલવામાં આવે છે.

---------------------